R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 02 DATE: 12-01-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે/હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

## ૪૦ લાખ સુધી ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજીસ્ટ્રેશનથી મુક્તિ

જીએસટી કાઉન્સીલની મળેલી ૩૨મી મહત્વની બેઠકમાં નાના વેપારીઓ અને લઘુ-મધ્યમ વર્ગના ઊદ્યોગોનેમાટે શ્રેણીબધ્ધ રાહતોની જાહેરાત કરવામાં આવી હતી.કાઉન્સીલના નિર્ણય મુજબ હવે વર્ષે ૪૦ લાખ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને જીએસટીમાં રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવી છે. પહેલા આ મર્યાદા ૨૦ લાખની હતી.આમ જીએસટી રજીસ્ટ્રેશન માટે પહેલાં વર્ષે રુ.૨૦ લાખનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓ માફી મળતી હતી. જે મર્યાદા વધારીને હવે રુ.૪૦લાખ કરવામાં આવી છે.પુર્વોત્તર રાજયો માટે ૧૦ લાખની લીમીટ હવે ૨૦ લાખી કરાઇ છે.ઉત્તર પુર્વના રાજ્યો આમાં વધારો કે ઘટાડો કરી શકશે. સરકાર ચુંટણીલક્ષી કેટલીક જાહેરાતો કરીને પોતાની ઇમેજ સુધારવા માટે પ્રયત્ન કરવા લાગી છે.

## સુપ્રીમ કોર્ટે સીબીઆઇના ડાયરેકટરને પદ પર બેસાડ્યા બાદ સરકારે તેમને હટાવી દીધા

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતાવાળી સિલેક્ટ કમિટી દ્વારા સીબીઆઈના વડા આલોક વર્માને પદ પરથી હટાવી દેવાયા હતા.સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ૭૭ દિવસે આલોક વર્માએ ફરીથી સીબીઆઇ ચીફનો ચાર્જ લીધો હતો. જેમાં તેમની સત્તાની પાંખો કાપી લેવાઈ હતી. સીબીઆઇ વિવાદમાં નવો વળાંક આવ્યો છે કે સિલેક્ટ કમિટિએ તેમને આ પદ પરથી દુર કરી દીધા છે. તેઓ જાન્યુ.૩૧મી નિવૃત થઇ રહ્યા છે. ત્યારે તેમને હવે ત્યાં સુધી ફાયર સર્વીસીઝ એન્ડ હોમગાર્ડના ડાયરેક્ટ જનરલ બનાવવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ એ નક્કી હતુ કે સરકાર તેમને આ પદ પર બેસવા દેશે નહીં કારણકે સરકાર વિરુધ્ધ તેમની પાસે એવી બાબતો છે જે સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે.અડધી રાત્રે સીબીઆઈની ઓફીસમાંથી આવી બાબતોને લગતી ફાઈલો અને પુરાવા સરકારે એકત્રિત કરી લીધા હતા. છતાં પણ સરકાર કોઇ કસર છોડવા માંગતી નથી.

## હાઇકોર્ટમાં પવિત્ર યાત્રાધામમાં માત્ર હિંદુ ધર્મસ્થાનો સમાવેશ કરતાં જાહેર હિતની અરજી કરતાં સરકારને નોટિસ

ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા માત્ર હિંદુ ધર્મસ્થાનોમાં જ પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરાંતા તેના વિરોધમાં થયેલી જાહેર હિતની અરજીમાં હાઈકોર્ટે એક્ટિંગ ચીફ જસ્ટીસ અનંત દવે અને જસ્ટીસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે રાજ્ય સરકાર અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને નોટિસ ફટકારી છે.આ કેસમાં રાજ્ય સરકારે તેમનો પક્ષ સ્પષ્ટ કરવાનો રહેશે અને તેની સુનાવણી ૧૭મીજાન્યુઆરી રહેશે. હાઈકોર્ટમાં પીઆઈએલ કરીને અરજદારે એવી રજુઆત કરી હતી કે પવિત્ર યાત્રાધામના સ્થળોમાં માત્ર હિંદુ ધર્મના સ્થળોનો સમાવેશ કરવાની બાબત ગેરબંધારણીય છે કેમકે દરેક સરકારે બંધારણ મુજબ સેક્યુલર હોવી જોઇએ.પરંતુ ગુજરાત સરકારે પવિત્ર યાત્રાધામમાં હિંદુ સિવાયના અન્ય ધર્મો મુસ્લીમ, ખ્રિસ્તી ,શીખ વગેરેના ધાર્મિક સ્થળોનો સમાવેશ કર્યો નથી.તેથી રાજયોના અન્ય ધર્મના સ્થળોનો પણ પવિત્ર યાત્રાધામ તરીકે સમાવેશ કરીને ત્યાં આવતા ભાવિકો માટેની રહેવા સહિતની અન્ય વ્યવસ્થા ઊભી કરવા આદેશ કરવામાં આવે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૫માં એક ઠરાવ મારફતે પવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડની રચના કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં આવેલાં વિવિધ ધાર્મિક સ્થળો ખાતે આવતાં ભાવિકો માટે રહેવા સહિતની તમામ વ્યવસ્થા કરવાનો હતો.આ બોર્ડના ચેરમેન તરીકે મુખ્યમંત્રીની નિમણુંક થઇ હતી.જેમાં પ્રારંભિક તબક્કે છ હિંદુ ધર્મસ્થાનોનો સમાવેશ થયો હતો.ત્યારબાદ સમય જતાં આ સંખ્યા વધીને૩૫૮ સ્થાનો સુધી પહોચી ગઇ છે.વધુમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે રાજ્ય સરકારે ઓગષ્ટ ૧૯૯૭માં છ યાત્રાધામ અંબાજી,ડાકોર,ગિરનાર,પાલીતાણા,સોમનાથ અને દ્વારકાનો સમાવેશ કર્યો હતો.ત્યાં પ્રાથમિક સુવિધા ઊભી કરવા માટે રુ.૨૪ લાખની ફાળવણી કરવામાં આવી હતી.જેમાં પીવાનું પાણી,મંદિર સુધી ચાલવાનો રસ્તો,જાહેર શૌચાલયો,ટેન્ટ,સેનિટેશનની કાર્યવાહી કરવામાં આવી હતી.તે સિવાય કચરાનો નિકાલ, પાર્કિંગ વ્યવસ્થા,રસ્તાનું સમારકામ તથા તબીબી સગવડ પણ ઉભી કરાઇ હતી. પરંતુ હવે આ સ્થળો ૩૫૮ થઇ ગયો છે. પરંતુ હિંદુ ધર્મસ્થાનો સિવાય અન્ય કોઇ ધર્મના સ્થાનોનો સમાવેશ કરાયો નથી.આ મામલે તંત્રને રજુઆત કરવામાં આવી હતી પરંતુતેનો કોઇ યોગ્ય પ્રત્યુત્તર મળ્યો નથી.બંધારણે તમામ ધર્મને સમાન ગણ્યા છે ત્યારે સરકારનું આ પ્રકારનું વલણ ગેરબંધારણીય છે.માત્ર એકજ ધર્મને પ્રોત્સાહન આપવું ગેરવાજબી છે. તેથી અન્ય ધર્મના સ્થાનોનો સમાવેશ કરવાનો આદેશ કરવો જોઇએ.અરજદાર નફીસ વતી એડવોકેટ કે.આર,કોષ્ટીએ આ જાહેરહિતની અરજી કરી છે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ૧૦% સામાન્ય અનામતનો લાભ મુસ્લીમ, અને ખ્રિસ્તીઓને પણ મળશે

કેન્દ્ર સરકારની તરફથી પ્રસ્તાવિત સામાન્ય વર્ગ માટે ૧૦ ટકા અનામતના વ્યાપમાં દેશના મુસ્લીમ અને ખ્રિસ્તી ગરીબો સહિત તમામ ધર્મોના લોકો સામેલ થશે.સામાજિક કલ્યાણ મંત્રી થાવરચંદ ગેહલોતે લોકસભામાં આ અંગેનું બંધારણ સંશોધન બિલ રજુ કરતાં કહ્યુ હતું કે તમામ ધર્મના લોકો આ બિલમાં સમાવિષ્ટ છે. તેમણે કહ્યુ હતું કે આ અનામતનો આધાર સામાજિક કે શૈક્ષણિક નથી પરંતુ આર્થિક છે.આ બિલને લઈને વિપક્ષ તરફથી સુપ્રીમ કોર્ટના એ નિર્ણયની વાત પણ થઈ જેમાં તેણે ૫૦ ટકા અનામતની મર્યાદા નક્કી કરી હતી.

આ અંગે જવાબ આપતાં અરુણ જેટલીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટે જે કેપ લગાવી હતી તે જાતિગત અનામત અંગેની હતી. અરુણ જેટલીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટ પોતાના નિર્ણયમાં અનેક વાર કહ્યુ છે કે અમે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતાં અનામત પર જ આ મર્યાદા નક્કી કરી રહ્યા છીએ. તેની પાછળ અદાલતનો એ તર્ક હતો કે તમે જો અન્ય વર્ગ એટલે કે બિનઅનામત વર્ગ છે તેમના માટે સીટ નહીં છોડો તો પછી જુના ભેદભાવ તો સમાપ્ત કરી શકાશે પણ નવો ભંદભાવ શરુ થઈ જશે.

## અન્ય દેશોની હિન્દુ લઘુમતિઓને ભારતમાં નાગરિકતા અંગેનું બિલ લોકસભામાં પસાર કરાયું

પાકિસ્તાન,બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા બિન-મુસ્લીમ લોકોને નાગરિકતા આપવા અંગેનું બિલ વિપક્ષોના જોરદાર હંગામા બાદ લોકસભામાં પસાર થયું હતું.આ બિલનો વિરોધ કરનારા વિપક્ષોમાં કોંગ્રેસ અને ડાબેરીઓ પણ હતા.અગાઉ ભાજપની સહયોગી રહી ચુકેલી ઉત્તરપુર્વની પાર્ટીઓ દ્વારા પણ આ બિલનો વિરોધ કરવામાં આવ્યો હતો.તેમના કહેવા પ્રમાણે આ બિલ બંધારણના મુળભુત પાસાઓની વિરુધ્ધ છે.

આસામ ગણ પરિષદે ભાજપ સાથે છેડો ફાડી નાંખ્યો હતો.આસામ એનડીએ સરકારે જ્યારથી આ બિલને રજુ કરવાની વાત કરી છે ત્યારથી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.આ બિલના વિરોધમાં દેખાવકારોને પોલીસ સાથે અથડામણ પણ થઈછે. દેખાવકારોએ મુખ્યમંત્રી સર્વાનંદા સોનોવાલના દિબ્રુગઢ ખાતેના ઘરને ઘેરાવ કર્યો હતો.નેશનલ હાઈવે બ્લોક કર્યા હતા. અને ૧૧ કલાકના બંધ બાદ અને વાહનોને નુકશાન પહોચ્યું હતું. આ ઉપરાંત ઓલ આસામ સ્ટુડન્ટ યુનીયનના કાર્યકર્તાઓ દ્વારા ભાજપની ઓફીસમાં તોડફોડ કરવાની કોશીશ થઈ હતી. જો કે સુરક્ષાદળોએ લાઠીચાર્જ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો હતો. સરકારે રજુ કરેલા સીટીઝનશીપ(એમેન્ડમેન્ટ) બીલ ૨૦૧૬ દ્વારા બાંગલાદેશ,પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના બિન મુસ્લીમ લોકોને નાગરિકતા આપવાનો હેતુ છે.

આ બિલના વિરોધમાં બંધનું એલાન અપાયું હતું. જેના કારણે અમુક વિસ્તારોમાં બંધની અસરો જોવા મળી હતી.મોટભાગની દુકાનો,ઓફિસો, શિક્ષણ સંસ્થાનો અને અન્ય ખાનગી ઓફિસો બંધ રહ્યા હતા.

## જેટલી ૧ ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ આપશે

સંસદમાં બજેટ સત્ર ૩૧મી જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે.નાણાંમંત્રી અરુણ જેટલી ૧ ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ રજુ કરશે.વર્તમાન લોકસભાનું છેલ્લુ બજેટ સત્ર હોઇ શકે છે.કેમકે એપ્રીલ-મે માં સામાન્ય ચુંટણીઓ યોજાવાની છે.વચગાળાનો બજેટ સમગ્ર વર્ષ માટેના બજેટની જેમ હોય છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટે સીબીઆઈના ચીફ આલોક વર્માને સરકારના ફરજીયાત રજા પર ઉતારી દેવાના નિર્ણયને બહાલ નહી રાખતાં કોર્ટે તેમને પુનઃ નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.જો કે સુપ્રીમ કોર્ટે પુનઃ નિયુક્તિની સાથે સાથે કેટલીક શરતો પણ લાદી હતી અને વર્માને સત્તા પર આરુઢ કરાયા હતા. સરકાર સાથે અને તેમના સહ કાર્યકર રાકેશ અસ્થાના સાથે થયેલા કેટલાક ગંભીર આક્ષેપોને કારણે કોર્ટમાં કેસો દાખલ થયેલા હતા તેના કારણે સરકાર અને વર્મા વચ્ચે યુધ્ધ જારી રહેશે તેવા સંકેતો મળ્યા હતા.પરંતુ સરકાર તરફથી વર્માને તાત્કાલિક હાંકી કઢાશે તેવો નિર્ણય લેવાશે તેવું મનાતુ નહોતું.વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં જસ્ટીસ એ.કે.શિકરી અને કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેની બનેલી સિલેક્શન કમિટિએ ૨-૧ વોટથી વર્માને તેમના સ્થાનેથી હાંકી કાઢયા હતા.૧૯૭૯ બેચના આઈપીએસ અધિકારી વર્માને ભ્રષ્ટાચારના આરોપો અને ફરજમાં બેજવાબદાર રહેવાના કારણો આપીને તેમના હાઈપ્રોફાઈલ પદ પરથી હટાવી દેવાયા હતા.સીબીઆઈના વડાને આ રીતે હટાવી દેવાયા હોય તેવી સંસ્થાના ઈતિહાસમાં ૫૫ વર્ષમાં પ્રથમ ઘટના બની છે.વર્માની સીબીઆઈના વડા તરીકેની મુદ્દત ૩૧મી જાન્યુઆરી,૨૦૧૯ સુધીની હતી.તેથી થોડાક દિવસો તેમને નિવૃત થવાના બાકી હતા તો તે પહેલાં તેમને પદપરથી નિવૃત કરી દેવા માટે શા કારણો જવાબદાર છે તે જાણવા માટે સહુ કોઈ તત્પર છે પરંતુ તે કારણો કદાચ બહાર આવશે કે કેમ તે શંકાસ્પદ છે.વધુમાં તેમનો સીબીઆઈ વડા તરીકેનો પદભાર લઈ લેવાયો અને પાછી બીજી એક ભુલ પણ સરકારે કરી કે તેમને ફાયર સર્વીસ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર જનરલનો હવાલો આપવામાં આવ્યો જેનો વર્માએ કાયદાની રીતે સ્વીકારવાનો ઈન્કાર કર્યો.વર્માની બાબતે સરકારે અનેક ભુલો કરી છે પરંતુ ઉતાવળે કરાતી ભુલો પાછળ કંઈક એવું મોટુ કારણ જવાબદાર છે તેવો અંદેશો આવી રહ્યો છે.

સિલેક્શન કમિટિમાં પીએમ મોદી, જસ્ટીસ સીકરી એ ખડગે વચ્ચે વર્માના કેસ અંગે લાંબી ચર્ચાઓ થઈ અને ખડગેએ વર્માને તેમનો પક્ષ સાંભળવાની તક આપવી જોઈએ તેવી દલીલો પણ કરી જો કે તેની સાથે પીએમ અને જસ્ટીસ સીકરી સંમત થયા નહી અને ૨-૧ વિરુધ્ધનો નિર્ણય જારી કરીને વર્માને પાણીચું અપાઈ દેવાયું.ખડગેએ પેનલના નિર્ણય સામે વાંધો લીધો પરંતુ તે ચાલ્યો નહીં.વર્માને સુપ્રીમના ચુકાદા બાદ પદ પરથી બે દિવસની અંદર જ હકાલપટ્ટી કરવામાં આવી.વર્માને સજા ન કરવા માટે ખડગેની અપીલ માન્ય રાખવામાં આવી નહીં. એ સુચવે છે કે સરકારે આ બાબતે પાકો નિર્ણય પહેલાંથી કરી લીધો હશે.

કેટલાક અહેવાલો પ્રસિધ્ધ થયા મુજબ જ્યારે સીબીઆઈના વડાને રજા પર ઉતારી દેવાયા તે મધ્યરાત્રીએ સીબીઆઈની ઓફિસ પર પડાયેલા દરોડામાં કેટલીક અગત્યની ફાઈલો સરકારે કબજે કરી લીધી હતી કદાચ એવું પણ બને કે આ ફાઈલો સરકાર વિરુધ્ધ નિર્ણાયક સાબિત થઈ શકે તેમ પણ હોઈ શકે.કહેવામાં આવી રહ્યું છે કે રાફેલ વિવાદ બાબતે કેટલાક સત્યો સીબીઆઈએ મેળવ્યા હતા જે સરકારની વિરુધ્ધમાં જઈ શકે તેમ હતાં.

ટુંકમાં સીબીઆઈના કારણે રાજકીય સંકટ ઉભુ થયું છે તેમાં કોઈ બેમત નથી.રાજકીય આલમમાં આ બાબતે સોપો પડી ગયો છે. સુપ્રીમ કોર્ટે કરેલી ટકોર મુજબ સરકારી પોપટ સીતારામને બદલે બીજું કંઈક બોલવા લાગ્યો અને પરિણામે પોપટને શાંત કરવા માટે તેના ઉપાયો કરવામાં આવ્યા.૨૦૧૯માં આવનારી ચુંટણીઓમાં ભાજપ પાસે ઉજળી તકો નથી અને એમાં જો સીબીઆઈ દ્વારા કૌભાંડો બહાર પડે તો સરકાર માટે આફતો પેદા થઈ શકે છે.તેથી સરકારને બહાર અને અંદર બેઉ બાજુથી ભારે સંકટોનો સામનો કરવો પડે તેમ હોવાથી ઝડપથી પગલાં ભરવાની શરુઆત કરી દેવાઈ છે.છીંડા અને ભુલો છે જે વધુને વધુ સંકટો પેદા કરશે પરંતુ સરકારી વકીલો તેમના કાવાદાવાથી બધુ સમુસુતરે પાર ઉતારવાની કોશીશ કરશે.જો કે એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે આ સંસ્થાઓ સરકારી કનડગતની સીમા પાર કરી ગઈ છે તેમ અધિકારીઓએ પુષ્ટિ આપી છે.તેથી સ્વાયતતાનો દંભ તુટી ગયો છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# લોકસભામાં રાફેલ યુધ્ધ વિમાન સોદા મામલે સત્તાધારી અને વિપક્ષ વચ્ચે જંગ વિપક્ષ દ્વારા સોદાની તપાસ માટે જેપીસીની માંગ

નવા વર્ષની શરુઆતમાં જ સરકાર અને વિપક્ષ વચ્ચે રાફેલ સોદામાં થયેલા ભ્રષ્ટાચારના મુદ્દે સંસદમાં ભારે હંગામો મચી ગયો હતો.રાફેલ સોદાની તપાસ માટે વિપક્ષના ભારે હોબાળા સાથે જેપીસીની માંગ કરવા પર વિપક્ષ અડી ગયો છે.રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે રાફેલની સ્ટોરીમાં અનેક છીંડા છે. વડાપ્રધાનમાં મારા કોઈ સવાલનો જવાબ આપવાની હિંમત નથી. તેથી બેડરુમમાં સંતાઈ રહ્યા છે.સંરક્ષણમંત્રી એઆઈએડીએમકેની પાછળ સંતાઈ રહ્યા છે. રાહુલના આરોપો બાદ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ સરકાર વતી જવાબો આપ્યાહતા. વિપક્ષોએ હંગામો મચાવવાની સાથે કાગળના વિમાનો ઉડાડ્યા હતા.ત્યારે સ્પીકર મહાજને ટકોર કરી હતી કે તમે બાળકો નથી.બાળપણમાં કાગળના પ્લેન નથી ઉડાડ્યા તેથી આજે ઉડાડી રહ્યા છો.

ભાજપનો સાથી પક્ષ શિવસેનાએ પણ લોકસભામાં જેપીસી દ્વારા તપાસ કરવવાની વિપક્ષની માંગણીને સમર્થન આપ્યું હતું. રાફેલ સોદા પરની ચર્ચામાં ભાગ લેતાં શિવસેના સાંસદ અરવિંદ સાવંતે કહ્યુ હતું કે સરકાર પારદર્શકતાની વાતો કરે છે તો જેપીસીની તપાસથી શા માટે ગભરાય છે ? જો આપણે પારદર્શક હોઈએ તો શા માટે ડરવું જોઈએ.આપણી સરકાર સારી છે.ભ્રષ્ટાચાર થતો નથી તો શા માટે ભયભીત થવું જોઈએ. જેપીસી તપાસ થવા દો અને સત્યને બહાર આવવા દો.

# સબરીમાલા મુદ્દે સીપીએમ,ભાજપના નેતાઓના ઘરો પર ક્રુડ બોંબ ઝીકાયા

કેરળમાં સબરીમાલા મંદિરમાં રજસ્વાલા મહિલાઓને પ્રવેશનો ધાર્મિક વિવાદ હવે રાજકીય દુશ્મનાવટનું સ્વરુપ ધારણ કરી રહ્યો છે.રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ મનાતા કન્નુર જિલ્લામાં ભાજપ-સંઘ અને સીપીએમ કાર્યકરો વચ્ચે રાજકીય હિંસા ફાટી નીકળી હતી. જેમાં બંને પક્ષના કાર્યકરો દ્વારા બંને પક્ષના નેતાઓ અને કાર્યકરોના મકાનો અને દુકાનો પર હુમલા કરાયા હતા.સીપીએમના ધારાસભ્ય એ.એન.શમશીર,ભાજપના રાજ્યસભાના સાંસદ મુરલીધરન, સીપીએમના પુર્વ જિલ્લાધ્યક્ષ પી.શશીના નિવાસસ્થાનો પર વિરોધી કાર્યકર્તાઓએ દેશી બનાવટના ક્રુડ બોંબ ઝીંક્યા હતા. જો કે તેનાથી કોઈને ઈજા પહોંચી નહોતી.પરિયારમ ખાતે આવેલી સંઘની કચેરીમાં આગ લગાવાઈ હતી.અન્ય વિસ્તારોમાં આ પ્રકારના હુમલાઓ કરવામાં આવ્યા હતા.

# અમેરિકામાં ‘શટડાઉન’ જારી રાખવાની ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકીના સુરમાં કહ્યુ છે કે અમેરિકન સરકારમાં શટડાઉનની સ્થિતિ અનેક વર્ષો સુધી જારી રાખવા માટે તેઓ તૈયાર છે.અમેરિકન સરકારનું કામકાજ આંશિક રીતે બંધ છે.આ સ્થિતિ હવે ત્રીજા સપ્તાહમાં પહોંચી છે.ટોચના ડેમોક્રેટસ સાથે મુલાકાત પછી ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ અમેરિકા,મેકસિકો સરહદે દિવાલના નિર્માણ માટે કોંગ્રેસને અવગણીને રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા પણ કરી શકે છે.

ટ્રમ્પે ભારપુર્વક કહ્યુ હતું કે જ્યાં સુધી તેમને સરહદે દિવાલ નિર્માણ માટે ફંડિંગ મળતી નથી. તે કોઈપણ બિલ પર હસ્તાક્ષર નહીં કરે. તેમના આ કદમનો ડેમોક્રેટસ વિરોધ કરી રહ્યા છે.દેશમાં ૨૨ ડિસેમ્બરથી લગભગ ૮ લાખ સંઘીય કર્મચારીઓને હજુ સુધી પગાર મળ્યો નથી. વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બેઠકમાં ટ્રમ્પે શરુઆતમાં સકારાત્મક વાતો કરી હતી. પરંતુ પછી ટ્રમ્પે એક પત્રકારના સવાલના જવાબમાં કહ્યુ હતું કે તેમણે ધમકી આપી છે કે જરુરી લાગશે તો સંઘીય એજન્સીઓને અનેક વર્ષો સુધી બંધ રાખવા માટે તેઓ તૈયાર છે.

ટ્રમ્પે કહ્યુ હતું કે હું જે કાંઈ કરી રહ્યો છું મને તેના પર ગર્વ છે.હું આને શટડાઉન માનતો નથી. હું માનું છું કે આ એવું કામ છે જે દેશની સુરક્ષા અને લાભ માટે જરુરી છે.

બેઠક પછી ડેમોક્રેટસે મીડીયાને રાષ્ટ્રપતિની ધમકી વિશે જણાવ્યુ હતું તેની પછી વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાં ટ્રમ્પે પત્રકારોને કહ્યુ હતું હા મે એમ કહ્યુ છે.બિલકુલ મે જ એમ કહ્યુ છે.

ટ્રમ્પને મળ્યા પછી સેનેટમાં નેતા ચક સ્કમરે કહ્યુ હતું કે અમે રાષ્ટ્રપ્રમુખને કહક્યુ હતું કે અમે ઈચ્છીએ છીએ કે સરકાર કામ કરે.તેઓ તેના માટે તૈયાર થયા નહી.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઈનર કાર મળશે



મોબાઈલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# ભાજપના નેતા જયંતી ભાનુશાલીની સયાજીનગરી ટ્રેનમાં હત્યા કરાઈ

ભાજપના નેતા જયંતી ભાનુશાળી સયાજીનગરી એક્સપ્રેસમાં ભુજથી અમદાવાદ આવી રહ્યા હતા ત્યારેચાલુ ટ્રેનના ફર્સ્ટ એસી કોચમાં કેટલાક તત્વોએ તેમની ગોળી મારીને હત્યા કરી હતી.પોલીસ તપાસમાં જયંતિ ભાનુશાળી પાસેથી ડુપ્લીકેટ આધારકાર્ડ પણ મળ્યુ હતું. ભુતકાળમાં મીઠી ખારેક કૌભાંડમાં તેમના નામની ચર્ચા હતી.જો કે તેમના કુટુંબીજનોએ તેમના હરિફનું આ મોત પાછળ કારણ જવાબદાર ગણાવ્યુ હતુ.

# 2019માં કોંગ્રેસ સત્તા પર આવશે તો રાફેલ સોદાની તપાસ કરાવશે : રાહુલ ગાંધી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સંસદ પરિસરમાં યોજેલ પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો રાફેલ યુધ્ધ વિમાન સોદાનું ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન કરાશે અને તેમાં દોષિત ઠરનાર તમામને સજા કરાશે. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસ અને સમગ્ર વિપક્ષ ઇચ્છે છે કે વડાપ્રધાન વતી સંરક્ષણપ્રધાન નિર્મલા સીતારામન સંસદમાં જવાબ આપે ત્યારે કોંગ્રેસ દ્વારા પુછાયેલા સવાલના જવાબ તેમાં હોય. રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે સીતારામનને સીધો સવાલ કર્યો હતો કે શું સંરક્ષણ મંત્રાલય અને તે અંગે ચર્ચા કરનારી ટીમ દ્વારા રજુ કરાયેલા રાફેલ કોન્ટ્રક્ટ પર કોઇ વાંધો ઉઠાવાયો હતો કે નહીં ?

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સંસદમાં ચર્ચાથી નાસતા ફરતા હોવાનો આરોપ મુક્યો હતો અને કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીને જણાવ્યુ હતુ કે તેમણે મને ગાળો ભાંડવાને બદલે મારા દ્વારા પુછતા સવાલોના જવાબ આપવા જોઇએ.

આ અગાઉ તેમને કરેલા ટ્વિટમાં પીએમ મોદી સામે ભ્રષ્ટાચારની તપાસ કરવા અને પોતાના મિત્રને રાફેલનો કોન્ટ્રેક્ટ અપાવીને રાષ્ટ્રીય સુરક્ષા નબળી પાડવા માટે તપાસ કરવાની માંગ કરી હતી. એરીકસન કંપનીને રુપીયા ૫૫૦ કરોડની ચુકવણીમાં નિષ્ફળ ગયેલા અનિલ અંબાણીને જેલમાં નાંખી દેવાની માંગ કરી હતી.

પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર માટે વડા પ્રધાન મોદી જ જવાબદાર છે. લોકસભામાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આપેલા ભાષણ પર જોરદાર પ્રહાર કરતાં રાહુલે જણાવ્યુ હતુ કે અરુણ જેટલી રાફેલ સોદા મુદ્દે સતત જુઠ્ઠુ બોલી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે ક્યારેય એમ નથી કહ્યુ કે રાફેલ સોદામાં ભ્રષ્ટાચાર થયો નથી. જેટલી અને સવાલ કરી રહ્યા હતા કે કોંગ્રેસ પાસે રાફેલની ૧૬૦૦ કરોડની કિંમત ક્યાંથી આવી ? જેટલી પોતેજ લોકસભામાં આ સવાલનો જવાબ આપી રહ્યા હતા. જેટલીએ જણાવ્યુ હતુ કે મોદી સરકારે ૩૬ વિમાનના ૫૮,૦૦૦ કરોડ તો એક વિમાનના ૧૬૦૦ કરોડમાં પડે. જેટલીએ યુપીએની ૫૨૬ કરોડની કિમત પર પણ સવાલ ઉઠાવ્યો હતો. પરંતુ તેમના સવાલના જવાબ હતો કે ૧૩૬ વિમાન ૫૨૬ કરોડના એક વિમાનનો ભાવ પડે.

રાહુલ ગાંધીએ ૨૦૦૭નો એક દસ્તાવેજ રજુ કરતાં જણાવ્યુ હતુ કે જેટલી કહે છે કે ૫૨૬ કરોડની કિંમત એસેસરીઝ વિનાના વિમાનની હતી. અને શસ્ત્રસરંજામ સાથેના વિમાનની કિંમત રુપીયા ૧૬૦૦ કરોડ થાય છે. યુપીએનું ૫૨૬ કરોડનું રાફેલ વિમાન પણ આ બધીજ એસેસરીઝ સાથે આવવાનું હતું. લોકસભામાં રાફેલ સોદો કરનાર વડાપ્રધાન કે સંરક્ષણ પ્રધાન સવાલોના જવાબ આપતાં નથી. અમે ઇચ્છીએ છીએ કે રાફેલ સોદા પરના તમામ સવાલોના જવાબ વડાપ્રધાન મોદી આપે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર આરોપ મુકતા કહ્યુહતું કે મોદીએ ફ્રાંસના પ્રમુખને સીધું કહ્યુ હતુ કે તેઓ



એચએએલને નકારી કાઢી અનિલ અંબાણીને કોન્ટ્રાકટ આપે. સરકારે દેશના યુવા, ખેડુત અને મધ્યમવર્ગના રુપીયા ૩.૫ લાખ કરોડ ચોરી અમીરનો આપી દીધા. રાફેલ વિમાનની કિંમત રુ.૫૨૬ કરોડથી વધારીને રુપીયા ૧૬૦૦ કરોડ કરવાનો નિર્ણય કોણે લીધો ? જો તેમણે યુપીએ કરતાં સસ્તો સોદો કર્યો તો ૧૨૬ વિમાનોની ખરીદી કેમ ના કરી ?

# દેશમાં ઇલેક્ટ્રીક વાહનોના ચાર્જીંગ માટે પાર્કીંગનો ૨૦% હિસ્સો ફાળવવો પડશે

રહેઠાણ, ઓફીસ અને કોર્મશીયલ કોમ્પલેક્ષમાં પાર્કિંગની જગ્યાનો ૨૦ટકા હિસ્સો ઇલેક્ટ્રીક વ્હિકલ્સની ચાર્જીંગ સુવિધા માટે ફાળવવો પડશે. રહેઠાણ અને શહેરી વિકાસ મંત્રાલયની માર્ગરેખા મુજબ ખાણીપીણીના આઉટલેટ્સ કિઓસ્ક માટે જગ્યા રાખવી પડશે.

મંત્રાલય હેઠળના ટાઉન અને કન્ટ્રી પ્લાનીંગ વિભાગે ઇલેક્ટ્રીક વ્હીકલ ચાર્જીંગ ઇન્ફાસ્ટ્રક્ચર માટે માર્ગરેખા જાહેર કરી છે. ચાર્જીંગ ઇન્ફાસ્ટ્રક્ચર અંગેની માર્ગરેખામાં વિવિધ બિલ્ડીંગ્સમાં ચાર્જીંગની સુવિધા માટે જોગવાઇનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. માર્ગરેખાની વિગત અનુસાર વિવિધ પ્રકારના બિલ્ડીંગમાં પાર્કિંગની જોગવાઇને જોતાં માત્ર ઇલેક્ટ્રીક વાહનો માટે ચાર્જીંગ ઇન્ફાસ્ટ્રક્ચરની જોગવાઇ જરુરી છે. જે અત્યારે બિલ્ડીંગની કુલ હોલ્ડીંગ ક્ષમતાના ૨૦ ટકા હોવાનો અંદાજ છે. ઉપરાંત બિલ્ડીંગના સંકુલમાં તમામ ચાર્જીંગ પોઇન્ટ્સ એકસાથે ચાલી શકે એટલો વધારાનો પાવરલોડ હોવો જરુરી છે. રહેણાંક અને સંસ્થાકીય બિલ્ડીંગમાં મીટરીંગ અને પેમેન્ટને મકાનમાલિકના માસિક મેઇન્ટેનન્સ બિલ સાથે જોડવાની ભલામણ કરાઇ છે. જેમાં મીટરના યુનીટ્સ સ્માર્ટ કાર્ડસમાં ક્રેડીટ કરાશે.

બિલ્ડીંગ્સે ઓપન મીટરીંગ અને ઓન સ્પોટ પેમેન્ટના વિકલ્પોની જોગવાઇ કરવી જરુરી છે. ટેરીના ફેલો અને એરીયા કન્વીનર દત્તાએ જણાવ્યુ હતુ કે કનેક્ટીવીટીના નિયમો અને સુરક્ષાના ધોરણો વ્યક્તિગત અને જાહેર બિલ્ડીંગ્સમાં ઇલેક્ટ્રીક વ્હિકલના ચાર્જીંગ ઇન્ફાસ્ટ્રક્ચરના અમલ માટે મહત્વના છે.


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૫૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# સરકાર પર અભિવ્યક્તિની આઝાદી ઝુંટવવાનો આરોપ : નસરુદ્દીન શાહ

એમનેસ્ટી ઈન્ડીયા દ્વારા જાહેર કરાયેલા એક વીડીયોમાં પીઢ અભિનેતા નસીરુદ્દીન શાહે મત વ્યક્ત કર્યો હતો કે એક સમયે જ્યારે કાયદાનું શાસન હતું, ત્યાં હવે માત્ર અંધકાર છે. એમનેસ્ટી ઈન્ટરનેશનલના એમ્બેસેડોર બનેલા બોલિવુડના અભિનેતા નસીરુદ્દીન શાહે એકવાર ફરીથી કેન્દ્ર પર અભિવ્યક્તિની સ્વતંત્રતા દબાવવાનો આરોપ લગાવ્યો છે અને લોકોને અપીલ કરી છે કે નવા વર્ષે બંધારણના મુલ્યોને ટેકો આપવો. શાહે વધુમાં જણાવ્યું હતું કે આજે દેશમાં નફરત અને અત્યાચારનો બેરોકટોક નાચ ચાલી રહ્યો છે. અને જે લોકો વિરોધમાં અવાજ ઉઠાવે છે તેમના અવાજને છાપા મારીને તેમજ એકાઉન્ટ સીલ કરીને દબાવી દેવામાં આવે છે.

નસીરુદ્દીને કહ્યુ હતુ કે જે લોકો ગરીબોને લુંટે છે એ જ લોકો પર કાયદાની રખેવાળીની જવાબદારી છે. અધિકાર માટે લડનારાને જેલમાં બંધ કરવામાં આવે છે. કલાકાર અને કવિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યા છે. પત્રકારોને ચુપ કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ એમનેસ્ટી ઈન્ડીયાના સીઇઓ આકાર પટેલે પણ આ વીડીયો જારી થયા બાદ પોતાના નિવેદનમાં જણાવ્યુ હતુ કે માનવ અધિકારના રક્ષકો અને સીવીલ સોસાયટી સામે ઘણા પડકારો છે. પણ માનવ અધિકાર હંમેશા જીતે છે. અને ફરી જીતશે. તેમણે માનવ અધિકારના કાર્યકર્તાઓનો સાથ આપવા માટે નસીરનો આભાર માન્યો હતો.

# કેન્દ્રીય કર્મચારીઓ માટે ૨૦ દિવસની સવેતન રજા ફરજીયાત બની

કેન્દ્ર સરકારે તેના તમામ કર્મચારીઓ માટે ૨૦ દિવસની સવેતન રજા ફરજીયાત બનાવી છે. અત્યાર સુધી કેન્દ્રીય કર્મચારીઓ સવેતન રજા લેવાને બદલે તેને સાચવીને નિવૃતિ સમયે વટાવતા હતા. સરકારી બેન્કોએ તેના કર્મચારીઓ માટે ૧૦ દિવસની સવેતન રજા પર મોકલવાનું શરુ કરી દીધું છે. અને હવે બીજા કેન્દ્રીય કર્મચારીઓને ૨૦ દિવસ સવેતન રજા પર જવાનો નવો નિયમ લાગુ પડશે. ઓક્ટો. ૨૦૧૮માં ઘણી બધી બેન્કોએ સવેતન રજાની જાહેરાત કરી હતી. જેને પગલે ઘણા કર્મચારીઓને નવાઇ લાગી હતી. રજા લીધા વગર સતત કામ કરનાર કર્મચારીની તબિયત જોખમાતી હોય છે. તેથી તેમને આરામ આપવાના હેતુસર સરકારે આ નિર્ણય કર્યો છે. કેન્દ્રીય કર્મચારીઓને દર વર્ષે ૩૦ પેઇડ લીવ મળતી હોય છે. કર્મચારીઓની રજાઓમાં ૧૦ આકસ્મિક રજા તથા ૧૯ જાહેર રજા સામેલ છે.

## જાણવા જેવું

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઈની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઈલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઈ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે. આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ, વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ, મેથો નર્સીંગસ્કુલ સામે. મિશન રોડ, નડીઆદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# નાતાલનો સંદેશ - સંવેદનશીલતા

એક બહેનની કામવાળી બિમાર હોવાથી કામ કરવા ના આવી. પેલા બહેન સખત ગુસ્સે થયા. આ લોકોને ગમે તેટલું ના પાડીએ તો પણ બે પૈસા માટે દોડાદોડી કરી મુકે. કેટલું તે કમાઈ લેવાના હતા કે આપણી જેમ ઉંચા આવી જવાના હતા.બે પૈસા કમાઈ અને પછી દવાખાને નાખી આવે. એના કરતાં છાનામાન હોય એટલામાં રાજી રહેતા હોય તો?અને તેમણે ધરાર કામવાળીનો બે દિવસની રજાના પૈસા કાપી લીધા. તેઓ આસાનીથી ભુલી ગયા કે વધારાનું કેટલું કામ તે કરી આપતી હતી. તો એક ભાઈ બેંકમાં ઓફિસર છે તેમને પટાવાળો તેના છોકરાને પરદેશ મોકલવો કે નહી ? તેની સલાહ લેવા સાહેબ પાસે આવે ચે.આ ઓફિસર પેલા ભાઈને તેમના દિકરાને પરદેશ ના મોકલવાની સલાહ આપે છે. તો નાણાંકીય રીતે ખુબ સારી પરિસ્થિતિ ધરાવતા એક બહેન ઘેર ઘેર ફરીને વસ્તુઓ વેચે છે તેના વર્ગ જેવાકે શાકવાળા-પસ્તીવાળા ..વગેરે છે કે જેઓ માંડ માંડ પોતાનું ઘર ચલાવે છે. તેવી વ્યક્તિઓની સાથે એટલો તો ભાવ-તાલ કરતાં હોઇ છે કે વેચનારની સાથે-સાથે આજુબાજુવાળા પણ કંટાળી જતા હોય છે.

તહેવારોના સમયમાં કામવાળીએ ગજા બહારની મહેનત કરી હતી કે જેથી થોડા વધારે નાણાં કમાઈ શકે અને પોતાના કુટુંબની જરુરીયાતને પુરી કરી શકે ,તેમને થોડી સગવડ મળે તેવા સાધન વસાવી શકે. આ લોકો મુશ્કેલીથી ઘર ચલાવતા હોય છે. એટલે તહેવારના સમયમાં વધારે મહેનત કરીને વધારાની આવક ઊભી કરતાં હોય છે. અને આવું વિચારવું કાંઈ ખોટું પણ નથી.દરેકને સુખ-સગવડ ભોગવવાનો અધિકાર છે. કામવાળીએ જુનુ ટી.વી. અને જુની તિજોરી ખરીદી હતી. આશ્ચર્ય એ વાતનું છે કે પેલા બહેન ભુલી ગયા કે તેમનો દિકરો -વહુ અને દીકરી-જમાઈ કે જેમની નાણાંકીય પરિસ્થિતિ ખુબ સારી હોવા છતાં પતિ -પત્ની બંન્ને જણ વધારે અને વધારે સુખ-સગવડ માણી શકે તેના માટે આખો વખત દોડધામ કર્યા કરતા હોય છે.પણ તેમનો પ્લસ પોઈન્ટ એ છે કે સારા જીવન ધોરણને કારણે તેમની તંદુરસ્તી સારી રહેતી હોય છે.વળી તેમને આસાનીથી રજા મળતી હોય છે. અહી , જો કે બાબત અલગ એ રીતે હતી કે પેલા બહેન માટે તો એ સ્વીકારવું અશક્ય હતું કે કામવાળી પણ તેમની જેમ ભૌતિક સુખ-સુવિધા માણી શકે ! તો પેલા ઓફિસર ભાઈ પણ સ્વીકારી નહતા શકતા કે પટાવાળાનો છોકરો પરદેશ જાય અને તેને સન્માનભર્યું જીવન મળે.તો પેલા બહેન મોટી દુકાનમાં જઈને મો-માંગ્યા ભાવ આપી દેતા વિચાર નથી કરતા, પણ માંડ માંડ ઘર ચલાવતા આવા ગરીબ વર્ગને લુંટવામાં મજા માંણતા હોય છે.

આ અને આવી વ્યક્તિઓને તમે પણ ઓળખતા હશો. આવી છીછરી માનસિકતા ધરાવતી વ્યક્તિઓથી દુનિયા ભરાયેલી છે. તેમાં અપવાદ હોય છે ખરા, પણ તે અણુ સ્વરુપે હોય છે.આવી મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિઓને શોધવા જવાની જરુર પડતી નથી. તે તો આપણી આસપાસ, આપણા ઘરમાં જોવા મળતી હોય છે. અરે ! કોઈક સમય તો આપણે ખુદ પણ આવી સ્વાર્થી માનસિકતાના ભોગ બનતા હોઈએ છીએ.અને તેમને અન્યાય કરીએ છીએ. જો કે તે બાબતનું આપણને નથી કશું દુઃખ અનુભવાતું કે નથી કશી શરમ અનુભવાતી. કારણ વ્યક્તિને માપવાના આપણી દુનિયાના માપદંડો અલગ છે. આપણે વ્યક્તિના બાહ્ય દેખાવને ખુબ મહત્વ આપીએ છીએ. વ્યક્તિના બાહ્ય ભભકાથી જાણે કે અંજાય જઈએ છીએ. સમાજમાં વ્યક્તિની પ્રતિષ્ઠા, તેનો હોદો, તેની ઓળખાણો, તેની પાસે કેટલો પૈસો છે કે પછી તે કેટલી ભૌતિક સંપત્તિનો માલિક છે. આ બધું જેની પાસે હોય તે વ્યક્તિની આપણને કિંમત હોય છે. પછી ભલેને તે ચારિત્ર્યહીન,ભ્રષ્ટાચારી કે અપ્રમાણિક હોય !તેના અવગુણ સાથે જાણે કે આપણને કશું લેવા-દેવા ના હોય તેવુ આપણુ વર્તન રહેતું હોય છે. તેની સાથે સબંધ બાંધવા માટે ઉત્સુક હોઈએ છીએ. તેના ગમા-અણગમાની આપણને ફિકર હોય છે તેની પૈસા પાછળની દોડને આપણે તેની આવડત કે હોશિયારીમાં ગણાવીએ છીએ.

સામાન્ય માણસો કે પછી જેને, આપણે સામાન્ય ગણીએ છીએ જેવા કે, કામવાળા, સુથાર,પ્લંબર, કડીયા, ખેતમજુર, પટાવાળો.... અનેક છે. આ બધા એવા છે કે જેના કામની નથી આપણને કદર હોતી કે નથી તે વ્યક્તિઓને માન આપવાનું આપણને આવડતું. આપણા માટે તેમનું અસ્તિત્વ જ હોતું નથી.તેવો તેમના પ્રત્યેનો આપણો વ્યવહાર રહેતો હોય છે. આપણે તેમના પ્રત્યે ભાગ્યેજ સંવેદનશીલ બની રહેતા હોઈ એ છીએ. અરે ! તેમની પાસે સખત મહેનત કરાવીએ છીએ.મહેનતાણુંના પ્રમાણમાં કેટલુંય વધારાનું કામ કરાવી લઈએ છીએ. તેનો જેટલો કસ કઢાવાઈ તેટલો કાઢવામાં પોતાની જાતને હોશિયાર ગણીએ છીએ.આપણે પાક્કી ગણતરીવાળા છીએ. આવા સામાન્ય વ્યક્તિઓની સાથે સબંધ બાંધતા કેટલુંય વિચારીએ છીએ કે આ સબંધ ખોટનો તો નહીં પુરવાર થાય ને ? આઘાતની વાત તો એ હોય છે કે ગરીબ સગા સાથે પણ ઘણા આવો વ્યવહાર કરતા હોય છે ! જે શરમજનક છે.

પ્રભુ ઇસુના જીવન પર નજર નાંખીએ તો તેમણે જેમને ચાહ્યા છે, પોતાના શિષ્યો બનાવ્યા છે, જેમના દુઃખદર્દ મટાદ્યા છે.તે બધા જ છેવાડાના માણસો હતા.જેનાથી સમાજના પ્રતિષ્ઠિત માણસો દુર રહે છે. તેવા અત્યંત ગરીબ માણસો હતો. જેવા(મેરી માગ્દાલેન) કે જેને લોકો ધિક્કારે છે અને પથ્થરથી મારી નાંખવાનું કહે છે, તો(જકાતદાર-જાખી) કે જેને લોકો પાપી સમજે છે અને અપમાનિત કરે છે. તો છેવાડાના માણસો જેને કહીએ તેવા માણસો(માછીમાર સિમોન પિટર અને તેનો ભાઈ આન્દ્રીયાસ અને અન્ય) ને પ્રભુ ઇસુ ચાહે છે. તેમની સાથે ભોજન લે છે. તેમનામાં વિશ્વાસ મુકે છે. તેમને જવાબદારી સોંપે છે જેવા કે પોતાના ઈશ્વર પિતાનું રાજ્ય ફેલાવવું અને પોતાના મૃત્યુ પછી પોતાની માતાની સંભાળ રાખવી તો કોઢ અને રક્તપિત્ત જેવા રોગ મટાડી તેમને સમાજમાં માનભર્યું સ્થાન અપાવે છે.આવા તો અસંખ્ય ઉદાહરણો છે અને આમ પ્રભુ ઇસુ આવા સામાન્ય માણસોને ચાહે છે તેમના બનીને રહે છે. તેમના સુખ-દુખના ભાગના સાથીદાર બને છે.

પ્રભુ ઇસુના વચનો છે કે ‘ અદનાના અદના માણસ માટે તમે જે કાંઇ કરો છો, સમજો કે તે મારા માટે કરો છો ‘ આ નાતાલે બાળ ઇસુનેઆવકારતાં ઇસુના આ વચનોને યાદ કરી તેને એટલું જ પ્રાર્થીએ કે તારી જેમ આવા સામાન્ય માણસોને ચાહતા શીખવાડ, તેમના દુઃખ દર્દને અનુભવી શકાય. તેવી સંવેદના આપ’

મનગમતું-

હસ્તરેખા સુકાઈ જાય એ સારુ નહીં,કો’કના આંસુ લુછી એને પલાળી આવીએ - કવિ મુકેશ જોશી.

સર્વ વાચક મિત્રોને નાતાલ તથા નવા વર્ષની શુભેચ્છા.

અન્નપુર્ણા મેકવાન
ગાંધીનગર

# સલામતીના કારણોસર રેલ્વે સ્ટેશનો પણ સીલ કરવાની યોજના : ૨૦ મીનિટ વહેલા સ્ટેશને પહોચવુ પડશે

રેલવે સ્ટેશનો પર સલામતી વ્યવસ્થાને મજબુત કરવા માટે એરપોર્ટની જેમ તેને પણ સીલ કરી દેવાની યોજના બનાવી છે.આ અંતગર્ત હવે મુસાફરોને ટ્રેન પકડવા માટે નિર્ધારિત સમયથી ૧૫થી ૨૦ મીનીટ ૫ હેલા સ્ટેશને પહોચવું પડશે. જેથી સુરક્ષા ચેકીંગની પ્રક્રિયા પુર્ણ થઈ શકે. હાઈ એન્ડ ટેકનોલોજીની આ સાથે આ વ્યવસ્થા હાલ પ્રયાગરાજ(અલ્હાબાદ) રેલ્વે સ્ટેશનને લાગુ કરાઈ છે. જ્યાં કુંભના અવસર નિમિત્તે મોટી સંખ્યામાં યાત્રીઓ પહોચશે. કુંભ મેળાની શરુઆત આ મહિનાથી થઈ રહી છે. સલામતી સિસ્ટમ વધારવા માટે અમલમાં આવનારા આઈએસએસ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૩૮૫.૦૬ કરોડ થશે. આ સિવાય કર્ણાટકના હુબલી સ્ટેશને પણ આ વ્યવસ્થા અમલી કરાશે.બંને સ્ટેશનો પર પાયલોટ પ્રોજેક્ટ અંતગર્ત આ વ્યવસ્થા શરુ કરવામાં આવશે.ત્યારબાદ દેશના ૨૦૨ સ્ટેશનો પર મુસાફરોને ટ્રેનના સમયથી ૧૫-૨૦ મીનિટ અગાઉ પહોચી જવું પડશે.

# ૧લી ફેબ્રુઆરીથી પેકેજ નહીં પણ મનપસંદ ચેનલ પ્રમાણે જ ચાર્જ વસુલી શકાશે

કેબલ ટીવી અને ડીશના ગ્રાહકોએ કેટલીક વખત એ ચેનલોને ભાડુ ચુકવવું પડે છે. જે ચેનલ તેમણે ક્યારેય જોઈ જ હોય.એનું કારણ એ હોય છે કે એ ચેનલ એક પેકેજનો ભાગ હોય છે. પરંતુ ફેબ્રુઆરીથી એમાં ફેરફાર થશે.અગાઉ આ ફેરફારની માર્ગરેખા ડિસે.હતા પરંતુ કેટલીક કંપનીઓ આમાં સફળ રહી નથી.એટલે ટ્રાઈએ હવે ૧ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે.

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ હવે નવી પ્રાઈસીંગ અને ચેનલ સિલેક્શન સિસ્ટમ માટે સેટેલાઈટ અને કેબલ ટીવી ઓપરેટરને ૩૧ જાન્યુ.સુધીનો સમય આપ્યો હતો.નવી સિસ્ટમ અંતગર્ત દર્શકોએ કોઈ પેકેજ માટે ભાડુ ચુકવવાને બદલે પસદંગીની ચેનલનુ જ ભાડુ ચુકવવાનું રહેશે.એનાથી હવે દર્શકો પાસે મનપસંદ ચેનલ સિલેક્ટ કરવાનો વિકલ્પ રહેશે.

જો કે પેકેજ પરની ઓફર યથાવત રહેશે.પરંતુ ગ્રાહકોને ફક્ત પેકેજમાં આપેલી ચેનલોનું ભાડુ આપવાનુ ફરજીયાત રહેશે નહીં.નિયમ પ્રમાણે તો ગ્રાહકો પાસે કોઈ એક ચેનલ પસંદ કરવાનો વિકલ્પ છે,પરંતુ સર્વીસ પ્રોવાઈડર ચેનલનું પેકેજ તેમને આપી દે છે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા,
અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃએ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.